# સરઢવ પાસે હાર્દિકના વિરોધ કરવા આવેલા શખ્સો પર સમર્થકોનો હુમલો

## હાર્દિકનું પુતળાદહન કરે તે પહેલા સમર્થકોએ પુતળુ લઈને લાઠીઓ ઉગામી વિરોધીઓને ભગાડ્યા : વિરોધીની આઈ-૨૦ કારમાં તોડફોડ : કારમાંથી ભાજપના ખેસ મળ્યા

ગાંધીનગર, તા. ૧૮

માણસા ખાતે મહાસભામાં હાજરી આપતા પહેલા હાર્દિક પટેલ વાસણીયા મહાદેવ મંદિરે અને રૂપાલ વરદાયીની માતાજી મંદિરે દર્શન કરવા ગયો હતો. રૂપાલ ખાતે પણ હાર્દિકનો વિરોધ કરવા ટોળુ એકત્ર થયુ હતુ અને માહોલ ગરમાયો હતો પરંતુ હાર્દિકનો કાફલો આવતા જ એક પછી એક વિરોધીઓ વિખેરાઈ જતા કોઈ ઘટના બની ન હતી.

દર્શન કર્યા પછી માણસા જવા માટે હાર્દિકનો કાફલો નિકળ્યો ત્યારે રસ્તામાં સરઢવ ગામ પાસે વેરાઈ માતાજીના મંદિર નજીક કેટલાક વિરોધીઓ હાર્દિકનો વિરોધ કરવા આવી પહોંચ્યા હતા. આ વિરોધીઓ વિરોધ શરૂ કરે તે પહેલા જ હાર્દિકના સમર્થકો લાકડી અને પાઈપો લઈને નિકળી ગયા હતા અને વિરોધીઓ ઉપર હલ્લાબોલ કર્યો હતો. આઈ-૨૦ ગાડીમાં વિરોધી આવ્યા હતા તે ગાડી ઉપર ધોકાવાળી કરીને તોડફોડ કરી નાંખી હતી. વિરોધ કરવા આવેલા શખ્સો હાર્દિકનું પુતળુ દહન કરવાના હતા તે પુતળુ પડાવી લઈ સમર્થકોએ વિરોધીઓને ભગાડ્યા હતા. આઈ-૨૦ ગાડી નં. જીજે-૧૮.બીસી.૪૫૬૭ મુકીને વિરોધીઓ ભાગી ગયા હતા. આ ગાડીમાંથી ભાજપના કમળના ચિત્રવાળા ખેસ મળી આવતા ભાજપના કાર્યકરો વિરોધ કરવા આવ્યા હોવાની આશંકા પ્રબળ બની છે. જો કે મોડી સાંજ સુધી આ મામલે કોઈ પોલીસ કાર્યવાહી થવા પામી ન હતી.

### હાર્દિકની સભાની સાથે સાથે...

- માણસા ચંદ્રીસર તળાવના આસપાસનો ભાગ માનવ મહેરામણથી છલકાયો હતો.
- હાર્દિક તુમ આગે બઢતે ચલો ગીત સભામાં ગુંજતું રહ્યું.
- યુવાનો વચ્ચે સ્ટેજ પાસે સેલ્ફી લેવા માટે ભારે ભીડ જામી હતી.
- સભા સ્થળે હાર્દિકનું સ્વાગત મોબાઈલ ફોનની ટોર્ચ ચાલુ કરી કરાયું હતું.
- જય સરદાર, જય પાટીદારના નારાથી માણસા શહેર ગુંજી ઉઠ્યુ હતું.
- માણસા સભા સ્થળે રાત્રે ૮.૨૫ કલાકે હાર્દિક પટેલનું આગમન.
- હાર્દિક પટેલની સીડી જોયા બાદ આટલી મોટી સંખ્યામાં માનવ મહેરામણ આવ્યો છે. તેમ મિડિયાને સંબોધિને કહ્યું હતું.
- હાર્દિક પટેલના સ્વાગતમાં વિવિધ સમાજો ઉમટી પડ્યા હતા.
- ઉમા/ખોડલ માતાજીની આરતીથી કાર્યક્રમનો પ્રારંભ થયો હતો.
- હાર્દિક પટેલે સભા સ્થળે ઉમટેલા કાર્યકરો દેખાય તે રીતે સેલ્ફી લીધી હતી.



## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



તમને બંનેને પક્ષનાં સંગઠનનું કામ સોંપવામાં આવે છે... શરત એટલી કે તમે સંપીને કામ કરજો... ઝગડતા બીલકુલ નહીં...!!

# ગાંધીનગર ઉત્તર બેઠક પર ભાજપમાંથી સહકારી આગેવાન શંકરસિંહ રાણાની પ્રબળ દાવેદારી

ગાંધીનગર જિલ્લા દુધ સહકારી મંડળીઓના સભાસદો અને ચેરમેનશ્રીઓનું મહાસંમેલન આજે બપોરે ગીયોડ ખાતે યોજાયું હતું. આ કાર્યક્રમાં સહકારી ક્ષેત્રના વિવિધ આગેવાનો તેમજ ડેરી સાથે સંકળાયેલ સભ્યો મોટીસંખ્યામાં





હાજર રહ્યા હતા. આ કાર્યક્રમમાં હાજરી આપતા પહેલા ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, અજયભાઈ પટેલ તેમજ વિધાનસભાના ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે માતાજીના દર્શન કરીને આશિર્વાદ મેળવ્યા હતા.

આ પ્રસંગે સહકારી મંડળીઓ સાથે સંકળાયેલા અને વાર્ષિક સંમેલન કાર્યક્રમમાં હાજરી આપવા આવેલા મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ પોતાની ભાજપમાંથી ખુલ્લી દાવેદારી નોંધાવી હતી. તેમણે ગાંધીનગર ઉતર બેઠક પરથી ચુંટણી લડવાની ઈચ્છા વ્યકત કરી હતી. આ પ્રસંગે તેઓએ ગાંધીનગરના સહકારીક્ષેત્રના આગેવાનોનો સહયોગ માંગ્યો હતો. તેમજ તેમણે સહકારી ક્ષેત્રે કરેલા કામો ગણાવ્યા હતા અને ગાંધીનગર શહેર જિલ્લામાં સહુથી વધુ મજબુત સંગઠન બનાવવા પર ભાર મુક્યો હતો. આ સહકાર સંમેલનમાં વિધાનસભાના ઉપાધ્યક્ષ અને ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, અમદાવાદ એડીસી બેંકના ચેરમેન અજયભાઈ પટેલે પ્રાંસગીક ઉદબોધન કર્યું હતું. આ પ્રસંગે ડેરીના ચેરમેન શંકરસિંહ રાણાએ જણાવ્યું હતુ કે મધુર ડેરી ૧૯૭૧ થી ગાંધીનગર જિલ્લાના પશુપાલકો તેમજ ખેડુતોના હિતમાં કાર્યરત છે. તેમજ છેલ્લા ૧૭ વર્ષથી ડેરીના ચેરમેન તરીકે સેવા આપુ છું. એટલે હવે સમજાય છે કે સહકારી ક્ષેત્ર કેટલુ વિશાળ અને આવશ્યક છે. મધુર ડેરી પ્રતિદિન ૨૨ હજારથી માંડીને ૩ લાખ ૨૦ હજાર લીટર ઉત્પાદનની સિધ્ધીથી મારો વિશ્વાસ અને મનોબળ છે. જે સરકાર વિકાસના મુદે આગળ વધતી હોય તેને મારુ સંપૂર્ણ સમર્થન છે. ગાંધીનગરના ૫૬૦૦૦ દુધ ઉત્પાદક પરિવારો સતત ૧૭ વર્ષથી સંઘના ચેરમેન તરીકે જીતીને લાવે છે. ત્યારે જણાવતા મને આનંદ થાય છે કે ગાંધીનગર ઉતર અને દક્ષિણ વિધાનસભા મતવિસ્તારના કુલ ૬૦ ટકા મતદાતાઓ મારી સાથે સીધા સંકળાયેલ છે. એટલે સરકારમાં માત્ર હકારાત્મકતાનો હ જ મુકવાની જરુરુ છે. આ કાર્યક્રમમાં હજ્જારો સભાસદો અને ચેરમેન તેમજ ડેરીના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# હવે કેમ્પ હનુમાનમાં દર્શનનો સમય ઘટાડાતાં શ્રદ્ધાળુ ખફા

## સેંકડો શ્રદ્ધાળુ ભકતોએ રેલી યોજી કમલમ્ પહોંચ્યા અને અમિત શાહને આવેદનપત્ર આપ્યુ : ટ્રસ્ટીગણને રજૂઆત

ગાંધીનગર,તા.૧૮

અમદાવાદ શહેરના શાહીબાગ વિસ્તારમાં પ્રાચીન અને સુપ્રસિધ્ધ કેમ્પ હનુમાનજી મંદિરમાં દર્શનનો સમય ઘટાડી દેવાના આર્મી કેન્ટોનમેન્ટના નિર્ણયને લઈ ભારે વિવાદ સર્જાયો છે. ખાસ કરીને શહેર સહિત રાજયભરના શ્રધ્ધાળુ નાગરિકોની ધાર્મિક લાગણી દુભાઈ છે અને લાખો શ્રધ્ધાળુ ભકતો અને દર્શનાર્થીઓમાં પુનઃ રાબેતા મુજબ કેમ્પ હનુમાનજી મંદિરનો દર્શનનો સમય અમલમાં લાવવા ઉગ્ર માંગણી




ઉઠવા પામી છે.

આ માંગણીને લઈ આજે સેંકડો શ્રધ્ધાળુ ભકતોએ ટુ વ્હીલર પર એક વિશાળ રેલી યોજી ગાંધીનગર કમલમ્ ખાતે પહોંચ્યા હતા અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને આ સમગ્ર મામલે દરમ્યાનગીરી કરવા અને મંદિરના દર્શનનો સમય પૂર્વવત્ કરવા રજૂઆત કરી ઉગ્ર માંગણી કરી હતી. શાહીબાગ આર્મી કેન્ટોનમેન્ટ ખાતે આવેલુ સુપ્રસિધ્ધ કેમ્પ હનુમાનજી મંદિર અગાઉ સવારે ૬-૦૦ વાગ્યાથી રાત્રિના ૧૦-૦૦ વાગ્યા સુધી ખુલ્લું રહેતું હતું અને ખાસ કરીને શનિવારે સવારે ૫-૩૦થી રાત્રે ૧૧-૦૦ વાગ્યા સુધી મંદિર ખુલ્લુ રહેતું હતું પરંતુ હવે આર્મી કેન્ટોનમેન્ટે સુરક્ષાના કારણોસર મંદિરનો દર્શનનો સમય ઘટાડી રાત્રે ૮-૪૫ સુધીનો કરી દીધો છે. જેના કારણે હવે લાખો શ્રધ્ધાળુ દર્શનાર્થીઓ રાત્રે ૧૦ વાગ્યા સુધી કેમ્પ હનુમાનજી દાદાના દર્શન નહી કરી શકે. આર્મી કેન્ટોનમેન્ટના આ નિર્ણયને લઈ ઘેરા પ્રત્યાઘાત પડયા છે. આજે સેંકડો શ્રધ્ધાળુ ભકતોએ ટુ વ્હીલર પર એક વિશાળ રેલી યોજી ગાંધીનગર કમલમ્ ખાતે પહોંચ્યા હતા અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહને આ સમગ્ર મામલે દરમ્યાનગીરી કરવા અને મંદિરના દર્શનનો સમય પૂર્વવત્ કરવા રજૂઆત કરી ઉગ્ર માંગણી કરી હતી. શ્રધ્ધાળુ ભકતોએ જણાવ્યું હતું કે, કેમ્પ હનુમાનજી મંદિર અતિ પ્રાચીન અને પૌરાણિક હોઈ ભકતોમાં તે અનન્ય મહાત્મ્ય ધરાવે છે. લાખો શ્રધ્ધાળુ ભકતો અમદાવાદ, અમદાવાદની આસપાસના વિસ્તારોમાંથી અને રાજયના અન્ય શહેરો કે જિલ્લા-તાલુકા, ગામોમાંથી ખાસ દાદાના દર્શનાર્થે આવતા હોય છે. દર મંગળવારે અને શનિવારે તો દાદાના ખાસ ભકતો કેમ્પ હનુમાનજી મંદિરે દર્શન કરવા અચૂક આવતા હોય છે. તેઓ પોતાની નોકરી કે ધંધો-રોજગારના સ્થળોએથી છૂટીને પણ રાત્રે દાદાના દર્શન કરવાનો તેમનો નિત્યક્રમ જાળવતા હોય છે ત્યારે હવે મંદિરના દર્શનનો સમય ઓછો થઈ જતાં તે સમયમાં દર્શન કરવું હજારો શ્રધ્ધાળુ ભકતજનો અને દર્શનાર્થીઓ માટે વ્યવહારૂ દ્રષ્ટિકોણથી પણ શકય બને નહી તેમ છે અને તેથી જ શ્રધ્ધાળુ ભકતોમાં મંદિરનો સમય પાછો રાત્રે ૧૦ વાગ્યા સુધી કરી ત્યાં સુધી મંદિરના દર્શન ખુલ્લા રાખવા ઉગ્ર માંગણી ઉઠવા પામી છે. વારે-તહેવારે દૂરદૂરથી આવતાં લોકો મંદિરમાં ભકતોની ભીડ હોવાના કારણે મોડે મોડે પણ રાત સુધી નંબર આવી જાય એટલે દાદાના દર્શન પામતા હતા પરંતુ હવે આ તેમાં ભારે અડચણ ઉભી થતાં શ્રધ્ધાળુ ભકતોની લાગણી દુભાઈ છે અને તેથી આજે વિશાળ રેલી યોજી કેમ્પ હનુમાનજી મંદિરનો સમય પૂર્વવત્ કરવા માંગણી કરી હતી. બીજીબાજુ, આજે સંખ્યાબંધ શ્રધ્ધાળુ ભકતો કેમ્પ હનુમાનજી મંદિર ખાતે પણ પહોંચ્યા હતા અને દર્શનાર્થી ભકતોની સહીઓ સાથે ઉપરોકત માંગણી સાથે મંદિરના ટ્રસ્ટીમંડળને રજૂઆત કરી હતી.

# ગુજરાતના રાજકારણમાં શીવસેનાનો પ્રવેશ

ગાંધીનગર, તા. ૧૮

ગુજરાતના રાજકારણના ગરમાગરમ વાતાવરણમાં શીવસેના પણ વિધાનસભાની ચૂંટણીમાં ઝંપલાવવા માટે તૈયાર થયેલ છે.

તાજેતરમાં મુંબઈમાં શિવસેનાના સુપ્રીમો ઉદ્ધવ ઠાકરેના નિવાસસ્થાન 'માતોશ્રી' ખાતે શિવસેનાના રાષ્ટ્રીય સચિવ અનિલભાઈ દેસાઈ, શ્રીમતી રાજુલબેન પટેલ, હેમરાજભાઈ શાહની હાજરીમાં પૂર્વ ધારાસભ્ય હરેશભાઈ ભટ્ટ શીવસેનામાં જોડાયા હતા. અને શીવસેનાના મુખ્ય ચહેરા તરીકે ગુજરાતમાં ચૂંટણી લડવાની ઉદ્ધવ ઠાકરે જાહેરાત કરી છે. ગુજરાત પ્રદેશના અધ્યક્ષ ઉમેશ એન્જીનીયરે માહિતી આપી હતી. ૨૦૦૨માં ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં હરેશભાઈ ભટ્ટ બહુ જ ચર્ચામાં રહેલા હતા. હિન્દુત્વના મુદા સાથે ચૂંટણીમાં શીવસેના લડશે. શીવસેનાની કોર કમિટી ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં છે.

# જરૂરિયાતમંદો માટે પ્રવૃત્તિઓ હાથ ધરવા રોટરી ગવર્નર મૌલીન પટેલનો અનુરોધ

ગાંધીનગર, તા. ૧૮

રોટરી ડિસ્ટીક્ટ ઈન્ટરનેશનલના ગવર્નર મૌલીન પટેલે ગાંધીનગર રોટરી ક્લબની મલાકાત લઈ સંસ્થાની પ્રવૃત્તિઓની સમીક્ષા કરી હતી. આ મુલાકાત દરમ્યાન તેમણે સભ્યોને જરૂરિયાતમંદ વ્યક્તિઓ માટે ઉત્કૃષ્ઠ સેવાકીય પ્રવૃત્તિઓ હાથ ધરવા સાથે રોટરી ઈન્ટરનેશનલના ફંડનો ઉપયોગ કરવા અનુરોધ કર્યો હતો.

મૌલીન પટેલે રોટરી ક્લબ સંચાલિત ફિઝિયોથેરાપી સેન્ટર તથા જેનેરિક દવાના સ્ટોર્સની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે સંસ્થાના પ્રમુખ દિપક બારોટે સંસ્થાની પ્રવૃત્તિઓ તથા ભાવિ આયોજનો અંગે વાકેફ કર્યા હતા. સંસ્થાની સેવાકીય પ્રવૃત્તિઓમાં શ્રેષ્ઠ પ્રદાન બદલ રોટરી ક્લબના ડૉ. પિયુષ દવે, ડૉ. ગુંજન જૈન, સમીર ત્રિવેદી અને ડૉ. એન.પી. પટેલનું અભિવાદન કરવામાં આવ્યું હતું. આસીસ્ટન્ટ ગવર્નર દેવેન્દ્રભાઈ બ્રહ્મભટ્ટે હાથ ધરવામાં આવેલ પ્રકલ્પોની માહિતી પુરી પાડી હતી. આ તબક્કે રોટરી ક્લબના પ્રથમ લેડી સોનલબેન પટેલનું અભિવાદન પ્રેરણા બારોટે કર્યુ હતુ. કાર્યક્રમને સફળ બનાવવા દિનેશ ઓઝા, દિનેશ બારોટ, જગજીતસિંહ, અલકા પટેલ, દિલીપભાઈ પટેલ, રોટરેક્ટ પ્રમુખ પ્રણવ શુકલ અને સેક્રેટરી ક્રિશ્ના પટેલે જહેમત ઉઠાવી હતી.

કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ જશવંત ગાંધીએ કરી હતી.

# ટેકનોલોજીના ઉપયોગ વગર ખેડુતોની દશા બેઠી છે : માનવ અધિકાર સુરક્ષા પરિષદ

**પરિષદે ખેતીને અનુલક્ષી ગુજરાતમાં સર્વે કર્યો : કૃષિલક્ષી બજેટ વધારવાની અનિવાર્યતા : કૃષિ આધારિત અર્થ વ્યવસ્થાને મજબુત કરવા પ્રયાસમાં ખેડુતોનુ પણ સમર્થન : ઇઝરાયલ અને કેનેડાની ટેકનોલોજીનો ભારતના ખેડુતોને પણ લાભ મળવો જોઇએ : આજે ટાઉનહોલમાં સંસ્થાના કાર્યકરોનુ સન્માન**

ગાંધીનગર તા ૧૮

ગુજરાતમાં કીસાનોને યોજનાની જાણકારી મળતી નથી. જયારે ભ્રષ્ટાચારના લીધે ખેડુતોને જરૂરી સુવિધા અને લાભો પણ મળતા નથી. સરકારે કિસાનોને ધ્યાને લઈ કૃષિલક્ષી બજેટ વધારવુ જોઈએ તેમ આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સુરક્ષા પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ સંદીપ શર્માએ જણાંવ્યુ હતુ. તેમણે વધુમાં જણાંવ્યુ હતુ કે કિસાનોના જીવન સ્તરને સુધારવા તેમજ મહીલા સુરક્ષા અને બાળમજુરી સહીતના મહત્વના મુદ્દાઓ પર કાર્યરત આ સંસ્થા કીસાનોના હીત માટે સર્વે તેમજ અભ્યાસ કરી સરકાર કક્ષાએથી ખેડુતોને મહત્તમ લાભ મળે તે દિશામાં પ્રયાસ કરે છે. તેમણે ખેડુતોને ખેત ઉત્પાદન પુર્વે ૨૫ ટકા એડવાન્સ રકમ ચુકવાની સાથે ટેકનોલોજી આધારિત ખેતી અપનાવવા માટે પણ સંસ્થા પ્રયત્નશીલ હોવાનુ જણાંવ્યુ હતુ.

આંતરરાષ્ટ્રીય માન અધિકાર સુરક્ષા પરિષદના અધ્યક્ષ સંદીપ શર્માએ આ અંગે જણાંવ્યુ હતુ કે ખેડુતોને પુરતા લાભ મળતા નથી. ટેકનોલોજીના ઉપયોગના અભાવે પણ ખેડુતોની દશા ખરાબ છે. ટેકનોલોજીના ઉપયોગથી ઉત્પાદન પણ વધે છે. દેશમાં આયાત થતી ખેતપેદાશોનો નિકાસ કરી શકીએ તેવી વ્યવસ્થા થવી જોઈએ. દેશના આઝાદી સમયે ૭૦ ટકા ખેતી હતી. જયારે હાલના સમયમાં આ તરફ ધ્યાન ન અપાય તો ખેતી લુપ્ત થઈ જશે. સંસ્થા દ્વારા ખેડુતોના હીત માટે અન્ય સંસ્થાઓને જોડવાનુ પણ કામ કરવામાં આવે છે.કૃષિ આધારિત અર્થ વ્યવસ્થાને મજબુત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે. ઈઝરાયલ અને કેનેડાની ટેકનોલોજીનો ઉપયોગ ભારતના ખેડુતોએ કરવાની અનિવાર્યતા છે. ગુજરાતમાં પણ સંસ્થા દ્વારા ખેતીને અનુલક્ષીને જરૂરી સર્વે હાથ ધરાયો હતો. જેના અંતે ખેતી વિષયક યોજના અને ટેકનોલોજીથી ખેડુતો માહીતગાર ન હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. બાગાયત , ખેતી અને પશુપાલન એમ ત્રણેયને આવરી લઈને ખેડુતોના હિત માટે કામ કરવાની દિશામાંપ્રયાસ કરવામાંઆવી રહયો છે. ત્યારે ગૌ હત્યા અટકાવવા માટે પણ પ્રયાસ કરવા માટે સંસ્થા કાર્યરત છે. ગાયના જીવિત રહેવાથી થતા ફાયદાથી સમાજને ઢંઢોળવાનો પ્રયાસ કરવામાં આવી રહયો છે. ગુજરાતમાં ખેતીલક્ષી બજેટને ૭ ટકાથી ૧૩ ટકા સુધી વધારવાની અનિવાર્યતા છે. સંસ્થા દ્વારા રવિવારે ગાંધીનગરમાં સે- ૧૭ સ્થિત ટાઉનહોલ ખાતે સવારે ૧૧ કલાકે એક કાર્યક્રમનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે.

# ત્રીજી ડિસેમ્બરે અમદાવાદમાં રાજપૂત સમાજનું મહાસંમેલન

પદ્માવતી ફિલ્મને લઈ રાજપૂત સમાજમાં ઉગ્ર આક્રોશ વધતો જાય છે, જેમ જેમ ફિલ્મની રિલીઝની ડેટ નજીક આવતી જાય છે તેમ તેમ રાજપૂત સમાજમાં આંદોલન ઉગ્ર બનતું જાય છે. ગુજરાત સહિત દેશભરમાં સંજય લીલા ભણશાલીની પદ્માવતી ફિલ્મ સામે વિરોધ પ્રદર્શનો યોજાઈ રહ્યા છે. આજે ગૌરવ સ્વાભિમાન સભા દ્વારા રાજપૂત સમાજના અગ્રણી શેરસિંહ રાણાએ તા.૩જી ડિસેમ્બરે અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે રાજપૂત સમાજના મહાસંમેલનની જાહેરાત કરી હતી. પદ્માવતી ફિલ્મને લઈ યોજાનારા આ મહાસંમેલનમાં ગુજરાત સહિત દેશભરમાંથી રાજપૂત સમાજના લોકો ખૂબ મોટી સંખ્યામાં ઉમટશે એવી આશા તેમણે વ્યકત કરી હતી. રાજપૂત સમાજના આગેવાના શેરસિંહ રાણાએ ગંભીર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, સંજય લીલી ભણશાલીને ફિલ્મના વિરોધને લઈ બધી ખબર જ હતી કારણ કે, વિરોધ છેલ્લા એક વર્ષ ઉપરાંતથી શરૂ થયો હતો. તો તેમણે અત્યારે દસ દિવસ પહેલાં જ કેમ ફિલ્મમાં કશું વાંધાજનક નથી તેવી સ્પષ્ટતા કરી. એક વર્ષ સુધી આ સ્પષ્ટતા કેમ ના કરી કે જે તે કરી શકયા હોત. વાસ્તવમાં સંજય લીલા ભણશાલીનો પોતાની પદ્માવતી ફિલ્મની પબ્લીસીટી માટેનો આ આયોજનપૂર્વકનો સ્ટંટ છે. પબ્લીસીટી મેળવવાના માત્ર આશયથી તેમણે જાણીબુઝીને આ કોન્ટ્રાવર્સી ઉભી કરી છે અને આમ કરી તેઓ પોતાની ફિલ્મને સુપરહીટ બનાવી કરોડો રૂપિયા કમાવી લેવા માંગે છે પરંતુ રાજપૂત સમાજ તેમની આ મેલી મુરાદ બર નહી આવવા દે. માતા પદ્માવતી કે જેમણે હિન્દુ સંસ્કૃતિ અને રાજપૂત સમાજના ગૌરવ અને સન્માન માટે ૧૬ હજાર મહિલાઓ સાથે ચિતોડગઢમાં ઈ.સ.૧૩૦૩માં જોહર (અગ્નિસ્નાન) કર્યું હતું એ મહાસતી પદ્માવતી અને અલાઉદ્દીન ખિલજી વિશે ઈતિહાસને તોડી મરોડી ભણશાલીએ ફિલ્માંકન કર્યું છે. રાજપૂત સમાજ કોઈપણ સંજોગોમાં ફિલ્મને રિલીઝ નહી થવા દે.

## ભારે આક્રોશ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. ભોળાભાઈ કમલમ ખાતે રજૂઆત કરશે. ભાજપે પહેલી યાદીમાં ૭૦ નામ જાહેર કર્યા છે જેમાં અર્જુનસિંહનો સમાવેશ થાય છે. જોકે, અર્જુનસિંહનો પણ સ્થાનિક કાર્યકર્તાઓ અને હોદ્દેદારો દ્વારા વિરોધ દર્શાવવામાં આવ્યો છે. માકવા ગામે હોદ્દેદારો અને કાર્યકરોએ મિટિંગ યોજી હતી. ઉમેદવાર ન બદલાયતો રાજીનામાની પણ ચીમકી ઉચ્ચારી છે.

વઢવાણ બેઠકમાં ટિકિટ મુદ્દે ભાજપમાં ભડકો થયો છે. જૈન સમાજ દ્વારા વઢવાણ બેઠક ફાળવવાની માંગણી કરી છે. આ સાથે વઢવાણ બેઠક પર ફેરવિચારણા અંગે ભાજપને ચીમકી આપી છે. જો માંગણી નહીં સંતોષાય તો અપક્ષ ઉમેદવારી કરવાની ચીમકી ઉચ્ચારી છે. આજ રોજ સેંકડો કાર્યકરોએ કમલમ્ ખાતે ઉમટી પડ્યા હતા અને આઈ કે જાડેજાના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરી ટિકિટની માંગ કરવામાં આવી હતી અને જો આઈકે જાડેજાને ટિકિટ ફાળવવામાં નહિ આવે તો પાર્ટીને મોટું નુકસાન થશે તેવી કાર્યકરો દ્વારા ચિમકી ઉચ્ચારવામાં આવી હતી.

વાઘોડિયાના ઉમેદવારની જાહેરાત થાય તે પહેલા જ હોબાળો મચ્યો છે. બીજેપીના સ્થાનિક કાર્યકર્તાઓએ સતત ચાર ટર્મથી વાઘોડિયાના ધારાસભ્ય તરીકે રહેલા મધુ શ્રીવાસ્તવને ટિકિટ ન આપવા માટે રજૂઆત કરી છે. કાર્યકર્તાઓએ જિલ્લા બીજેપી ઓફિસ ખાતે આ અંગે હોબાળો પણ મચાવ્યો હતો. ઉધના વિધાનસભાની ટિકિટ જાહેર થાય તે પહેલા જ હોબાળો મચ્યો છે. ઉધનાની ટિકિટ બીજા ઉમેદવારને આપવા સામે ચીમકી ઉચ્ચારી છે. બહારના ઉમેદાવરોને ટિકિટ આપવા સામે સ્થાનિક કાર્યકર્તાઓએ વિરોધ દર્શાવ્યો છે.

## હિમવર્ષા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મોડી રાત્રે વરસાદ બાદ હવામાનમાં પલટાની સ્થિતી જોવા મળી રહી છે. રાષ્ટ્રીય પાટનગર દિલ્હીના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ થયો છે. દિલ્હીમાં પણ તીવ્ર ઠંડીનો અનુભવ લોકો કરી રહ્યા છે. હવામાન વિભાગ તરફથી આગાહીમાં કહેવામાં આવ્યુ છે કે દિલ્હીમાં થયેલા વરસાદના કારણે રાજસ્થાન અને જમ્મુ કાશ્મીરમાં સર્જાયેલી સ્થિતી છે. હવામાન વિભાગના કહેવા મુજબ ચારેબાજુ ધુમ્મસની સ્થિતી જોવા મળી રહી છે. સવારમાં ધુમ્મસના કારણે અકસ્માતનો સિલસિલો પણ વધી રહ્યો છે. આગામી કેટલાક દિવસો સુધી વરસાદ પડવાની આગાહી પણ કરવામાં આવી છે. કિન્નોર અને લાહોલ જિલ્લામાં શુક્રવારે સવારમાં ભારે હિમવર્ષા થઈ હતી. આજે પણ આ સ્થિતી અકબંધ રહી હતી. જમ્મુ કાશ્મીર, હિમાચલપ્રદેશ અને ઉત્તરાખંડમાં હાલમાં હિમવર્ષાને લઈને એકબાજુ મોટી સંખ્યામાં પ્રવાસીઓ પહોંચેલા છે. બીજી બાજુ પ્રવાસીઓ ફસાઈ પણ ગયા છે. લાહોલ-સ્પીતિ જિલ્લાના પ્રવેશ દ્વાર કોકસરમાં ભારે વરસાદના કારણે ૬૦થી વધુ લોકો ફસાઈ ગયા છે. આ તમામ લોકોને બચાવી લેવામાં આવ્યા છે. બીજા બાજુ પ્રવાસીઓ માટે હાલમાં કેટલીક સુચના જારી કરવામાં આવી રહી છે. પ્રવાસીઓ હાલમાં પ્રતિકુળ સંજોગોને કારણે હોમ સ્ટે અથવા તો અન્ય જગ્યાએ આશરો લઈ રહ્યા છે. દરમિયાન જમ્મુ કાશ્મીર અને હિમાચલપ્રદેશના જુદા જુદા ભાગોમાં આગામી દિવસોમાં ઠંડીના પ્રમાણમાં તીવ્ર વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. લોકો પણ હવે સાવધાન થઈ ગયા છે. જમ્મુ કાશ્મીર અને હિમાચલપ્રદેશમાં દર વર્ષે તાપમાન માઈનસમાં પહોંચી ગયા બાદ કેટલાક ખાસ પગલા લેવામાં આવે છે.

ટચૂકડી જાહેર ખબર

વેચાણ જોઈએ છે

ટેનામેન્ટ - એક માળનું
વેચાણ જોઈએ છે
કોઈપણ સેકટરમાં,
ટાઈટલ કલીયર.

સંપર્ક : રમેશભાઈ શર્મા
મો. ૯૪૮૪૫ ૭૬૮૮૨